# પ્રકરણ - ૧

# કુન્દનિકા કાપડીઆનો સર્જક તરીકે પરિચય

# પ્રકરણ-૧

## કુન્દનિકા કાપડીઆનો સર્જક તરીકે પરિચય

### ૧.૧ પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્ય મહદંશે પુરૂષપ્રધાન રહ્યું છે. એને સમૃદ્ધ કરવામાં સ્ત્રી સાહિત્યકારોનો પણ અમૂલ્ય ફાળો છે એ વાતને નકારી શકાય નહિ. ગુજરાતી સાહિત્યના વિકાસનો  ઇતિહાસ એનો સાક્ષી રહ્યો છે. તેના પર અંકિત થયેલ નારીસર્જકોની અદ્દભુત રચનાઓનો ખજાનો જોવા મળે છે. જેના કારણે આજે પણ ગુજરાતી સાહિત્ય ગર્વથી તેમની કીર્તિગાથા રજૂ કરતું જણાય છે.

મધ્યકાલીન યુગમાં મીરાંથી શરૂઆત કરીને આધુનિક યુગ સુધીમાં તો કાંઈ કેટલાંય દીપ્તિમાન નારીરત્નોથી  સાહિત્ય ઊજળું અને સમૃદ્ધ બન્યું છે. આ યુગમાં ભક્તિસાહિત્યના પ્રારંભમાં આપણને મીરાં જેવી ખ્યાતનામ પ્રભુભક્ત કવયિત્રી મળે છે. ભગવાન શ્રીકૃષ્ણ માટે શૃંગારરસથી છલકાતાં ઊર્મિકાવ્યો એ એમની અણમોલ ભેટ છે. પ્રભુભક્તિના રસ વડે સિંચાયેલ આ કાવ્યરચનાઓની મીઠાશ હજી પણ લોકમુખે જળવાઈ રહી છે. ગંગાસતીએ જીવન અને અધ્યાત્મનો મર્મ સમજાવતાં ભજનો પાનબાઈને સંબોધીને લખ્યાં. મધુરરસથી છલકાતાં આ ભજનો વર્તમાનમાં પણ એટલાં જ મનોહર અને આસ્વાદથી ભરેલાં છે. તે ઉપરાંત તત્કાલીન યુગનાં ગવરીબાઈ, રાધાબાઈ, પુરીબાઈ જેવાં સ્ત્રી-સાહિત્યકારો પાસેથી આપણને ઘણી પદ્યરચનાઓ મળી છે.

ગાંધીયુગમાં વિદ્યાગૌરી નીલકંઠ પાસેથી 'ગૃહ દીપિકા', 'નારીકુંજ', 'જ્ઞાનસુધા' જેવાં નારીસંવેદના જાગૃત કરતાં સામયિકો મળે છે. માનવજીવનના ઊંડાણને અવલોકતી લીલાવતી મુનશીની નવલિકાઓની આગવી વિશેષતા છે. વિનોદિની નીલકંઠની વાર્તાઓ નારીસર્જકતાની નવી દિશાઓનાં દ્વાર ખોલવાનું સાહસ કરે છે. તત્કાલીન સમયમાં સ્ત્રીજાગૃતિની જ્યોત પ્રગટાવવામાં 'ઘર ઘરની જ્યોત' સામયિક સાર્થક નીવડ્યું હતું. બીજી બાજુ ધીરુબહેન પટેલ, સરોજિની મહેતા, વર્ષા અડાલજા, રંભાબહેન

ગાંધી, કુન્દનિકા કાપડીઆ, વસુબહેન ભટ્ટ, સરોજ પાઠક જેવી પ્રતિભાઓ ટૂંકીવાર્તાનાં વિશ્વમાં આપણને વિહાર કરાવે છે. તે જ રીતે સુમતિ મહેતા, પ્રેમિલા બહેન, હીરાબહેન પાઠક, ગીતાબહેન પાઠક પાસેથી કાવ્યસર્જનનો ખજાનો આપણને મળ્યો છે. લાભુબહેન મહેતા, અનિલા દલાલ, ગંગાબહેન પટેલ, દર્શના ધોળકિયા જેવાં સર્જકોએ વાચકોને અનુવાદ અને વિવેચનની ભેટ આપી છે. હંસા મહેતા, તારાબહેન મોડક, શ્રદ્ધા ત્રિવેદી, સુભદ્રા ગાંધી જેવાં સર્જકોએ નાનાં ભૂલકાંઓ માટે બાળસાહિત્યની રચનામાં કલમ ચલાવી છે.

ગાંધી અને અનુગાંધીયુગની સમાંતરે ચાલતી આ લેખિકાઓ સાહિત્યસર્જન થકી પુરુષ સાહિત્યકારો સાથે ખભે ખભા મિલાવતી નજરે પડે છે. આ સર્જકોએ એમનાં સાહિત્ય વડે સ્ત્રીઓને સમાજમાં ગૌરવવંતુ સ્થાન અપાવવાનાં પ્રયત્નો કર્યાં છે. એક સ્ત્રી હોવાથી તેમની કૃતિઓમાં નારીનું પરિવર્તનશીલ ચિત્ર અંકાય છે. ધીમે ધીમે આધુનિકતાના મંડાણ થયાં. એની સાથે સાહિત્યનાં વિવિધ પ્રકારોમાં કસબ અજમાવતાં સ્ત્રીસર્જકોરૂપી તારલાઓનો ઉદય થાય છે. એમનાં ઉજાસથી આપણું સાહિત્ય દીપી ઊઠે છે. સ્ત્રીલેખનનાં અનેરા તેજ સાથે ગૂંથાયેલું આ સાહિત્ય સૂર્યની જેમ ચારેય દિશામાં પ્રકાશ પાથરતું આજે પણ નજરે પડે છે.

ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી દ્વારા સર્જાયેલ સાહિત્યનો અઢળક ખજાનો પડ્યો છે. દુ:ખની વાત એ છે કે આવી પ્રતિભાઓનાં લેખનકાર્ય પર ખૂબ જ અલ્પ પ્રમાણમાં સંશોધનકાર્ય થયેલું જોવા મળ્યું છે. એવા જ એક સ્ત્રીસર્જક એટલે 'કુન્દનિકા કાપડીઆ'. જેમની ઘણી સાહિત્યરચનાઓની આગવી વિશેષતા છે, આગવી ઓળખ છે. જેમની રચનાઓએ ભાવકહૃદયમાં સ્થાન મેળવ્યું છે.

'સાત પગલાં આકાશમાં' જેવી ખ્યાતનામ નવલકથા દ્વારા તેઓ વાચકહૃદયમાં 'સ્નેહધન' તરીકે માન પામ્યાં. અંગત મિત્રોમાં 'કુંદન', તથા નંદિગ્રામ સેવાસંસ્થાનમાં સેવાભાવી કાર્યો દ્વારા 'ઈશા મા' જેવા હુલામણા નામે ખ્યાતિ પામ્યાં. કુન્દનિકા કાપડીઆ ગુજરાતી ભાષાના એક અગ્રગણ્ય લેખિકા રહ્યાં છે. તે એક સફળ નવલકથાકાર અને વાર્તાકાર છે. આમ તો તેમનાં સાહિત્યસર્જનનો પટ ટૂંકો છે પરંતુ, તેમણે જે પણ કંઈ લખ્યું છે તેમાં વૈવિધ્ય, માનવજીવનની સુવાસ અને સમસ્યાઓમાંથી

નીકળવાનો માર્ગ છે. સપ્તરંગી પાત્રોની સૃષ્ટિ, જીવનની રોજિંદા ઘટનાઓની ગૂંથણી, સમાજજીવન, પ્રાકૃતિક વાતાવરણ અને સમજાય તેવી સરળ ભાષામાં કરેલી રજૂઆત વગેરે બાબતો તેમનાં સર્જનને નવો ઓપ આપે છે. કથાસાહિત્યનાં આ બધાં ઘટકતત્ત્વોની વચ્ચે એમનાં સ્ત્રીપાત્રો, સ્ત્રીજીવનની સમસ્યાઓ, એનાં કારણે અનુભવાતો સ્ત્રીસંઘર્ષ અને એનું નિરાકરણ ધ્યાનાકર્ષક બની રહે છે. એમનાં કથાપાત્રો સ્ત્રી તરીકે સમાજમાં રહીને નિજી સ્વતંત્રતાને ઝંખે છે. જેના કારણે તેઓ જીવનની સમસ્યાઓથી નાસીપાસ થતાં નથી પણ, સ્વતંત્રતા અને સેવાનો માર્ગ શોધતાં નજરે પડે છે. સદીઓથી સામાજિક પરંપરાનાં નામે ચાલી આવતી રૂઢ પ્રણાલીઓ સામે હંમેશા સ્ત્રીને જ વેઠવાનું અને સહન કરવાનું આવે છે. સ્ત્રી દેહે પૃથ્વી પર જન્મ્યા પછી તેને જીવનમાં સૌથી વધુ સહન કરવું પડે છે. સ્ત્રીની અવદશાને તેમણે નજરે નિહાળી છે. આ જ કારણોસર તે સ્ત્રીઓ પ્રત્યે ખૂબ જ સંવેદના અનુભવતાં.

એક સ્ત્રી એની આગવી ઓળખ માટે જીવનમાં કેટકેટલો સંઘર્ષ કરે છે? આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે સ્ત્રીનું ખોળિયું ધારણ કરવું પડે. એની અનુભૂતિ કરવી પડે. કદાચ એટલે જ એક પુરુષ માટે એનો જવાબ આપવો મુશ્કેલ છે. સંઘર્ષ એ સ્ત્રીનાં જીવન સાથે જન્મથી વણાઈ ગયેલી અનુભૂતિ છે. જીવનપર્યંત આંતરિક અને બાહ્ય આ બંને પ્રકારનાં સંઘર્ષમાંથી એણે પસાર થવું પડે છે.

કુન્દનિકા કાપડીઆએ સંઘર્ષ દ્વારા છલકાતી સ્ત્રીની મનોગત લાગણીઓને અનુભવી છે. 'સાત પગલાં આકાશમાં' જેવી વિશ્વવિખ્યાત નવલકથાનું સર્જન એ અનુભૂતિની જ ફલશ્રુતિ કહી શકાય. 'સ્ત્રી અને પુરુષમાં ભેદભાવ શા માટે?' આ પ્રશ્ન તેમને નાનપણથી જ સતાવતો રહ્યો છે. એ બંને તો સમાજ રથનાં મુખ્ય પૈડાં છે. આ બંને વ્યક્તિઓ જો બધી જ રીતે સબળ અને મજબૂત હશે તો જ તંદુરસ્ત અને વિકસિત સમાજનું નિર્માણ થઈ શકે છે. તો પછી સમાજમાં પુરુષને વધુ અને સ્ત્રીઓને ઓછું મહત્વ શા માટે? સમાજમાં સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં ઊતરતો ન હોવો જોઈએ એવો તેમનો સ્પષ્ટ મત છે. તંદુરસ્ત સમાજનાં નિર્માણમાં સ્ત્રી અને પુરુષ બંનેનું સરખું દાયિત્વ ખૂબ જ જરૂરી છે. સ્ત્રીને પણ વિકસવાનો અને વિસ્તરવાનો અવકાશ પૂરો પાડવો જોઈએ, એવા વિચારો ધરાવનાર કુન્દનિકા કાપડીઆએ એમનાં સર્જનમાં સ્ત્રી-પુરુષ સમાનતાનો સૂર રેલાવ્યો છે. નારી ગૌરવ અને નારી

સમસ્યાઓમાં ઊંડો રસ ધરાવતાં હોવાથી તેમનાં સાહિત્યમાં પણ ક્યાંક ને ક્યાંક નારીસંઘર્ષનાં ઊંડા પડઘા સંભળાઈ આવે છે. સ્ત્રીસંઘર્ષને પોતાનાં સર્જનમાં આલેખીને તેમણે વિશ્વને 'સ્ત્રી-પુરુષ એક સમાન'ની ભાવના કેળવવા માટેની એક નવી દૃષ્ટિ અર્પી છે.

## ૧.૨ શૈશવ

સ્ત્રીઓનો ઉત્કર્ષ થાય અને તે પુરુષ સમોવડી બને એવા ઉમદા વિચાર ધરાવનાર કુન્દનિકા કાપડીઆનો જન્મ ૧૧-૧-૧૯૨૭ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ગામે થયો. પરિવારમાં માતા-પિતા, છ બહેનો અને બે ભાઈ. પોતે એમાં વચલા ક્રમે. પિતાનું નામ નરોત્તમદાસ અને માતાનું નામ રંભાબહેન. વારસામાં પિતાજી પાસેથી વાંચન, ઉદારતા અને સ્વતંત્રતાના ગુણ મળ્યા. માતા પાસેથી ભલાઈ, ધાર્મિકતા, સહનશીલતા અને દુઃખમાં પણ હંમેશા પ્રસન્ન રહેવાનું શીખ્યાં. પિતા ડૉક્ટરના વ્યવસાયમાં હોવાથી લીંબડી છોડીને પંચમહાલ જીલ્લાના ગોધરામાં આવીને વસ્યા. તે સમયે તેમની ઉંમર માત્ર પાંચ વર્ષની. તેમનું ઘર ગામની બહાર ખુલ્લા વાતાવરણમાં એટલે એની આસપાસ ભાતભાતનાં વૃક્ષો અને બાજુમાં મોટું મેદાન. ખુલ્લું આકાશ, થોડે દૂર એક નદી અને નદીની બાજુમાં સ્મશાન. આ બધાંની વચ્ચે રહેવાથી પ્રકૃતિ સાથેની નિકટતા અને તાદાત્મ્ય સધાયું. નાનપણથી જ તેની સાથે પ્રેમનું એક અતૂટ બંધન બંધાયું જે આજીવન રહ્યું.

એકાંત તેમને એટલી હદે ગમતું કે ક્યારેક તો ઘરની નજીક આવેલા સ્મશાનમાં જઈને જરાય ડર્યા વગર ત્યાં કલાકો સુધી સમય વિતાવતાં અને પ્રકૃતિનું સૌંદર્ય માણતાં! આમ, એકાંતપ્રિયતા અને પ્રકૃતિપ્રેમ બાળપણથી જ ખીલ્યો. એ જ સમયમાં પાડોશીએ કોઈકને લખેલો પત્ર એમણે વાંચ્યો. એ પત્રની એટલી ઊંડી અસર થઈ કે તે જ સમયે તે બહાર ખુલ્લા મેદાનમાં દોડી ગયા. સારા લેખનકાર્ય માટેની શક્તિ આપવા ભગવાનને સાચા હૃદયે પ્રાર્થના કરી. નાનપણથી જ લેખન માટેનો તેમનો પ્રેમ આ ઘટનામાં જોઈ શકાય છે. પિતાજી પણ પુસ્તકપ્રેમી હોવાથી ઘરમાં વિવિધ પ્રકારનાં પુસ્તકો આવ્યાં કરતાં. આ કારણે તેમનો વાંચવાનો શોખ પણ શૈશવકાળથી જ ખીલેલો. વધુ વાંચનથી આંખો બગડશે તેવી માતાની મીઠી ટકોરથી બચવા તે સંતાઈને પણ વાંચતાં. વાંચનનો એટલો ગાંડો શોખ હતો કે પંદર

વર્ષની વયે તો તેમણે શેક્સપિયરને પણ વાંચી લીધા હતા! આમ, પુસ્તક પ્રત્યેની અતિશય પ્રીતિએ તેમને સર્જક બનવા માટેનું પીઠબળ પૂરું પાડ્યું.

તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગોધરા ખાતે જ લીધું. અભ્યાસકાળ દરમ્યાન શરૂઆતમાં તેઓ ભણવામાં મધ્યમ કક્ષાનાં પણ, પાછળથી એમાં ઘણો સુધારો આવ્યો. સંસ્કૃત, ગણિત, ગુજરાતી અને અંગ્રેજી એ તેમનાં પ્રિય વિષયો રહ્યાં. અવિરત વાંચનને કારણે નાનપણથી જ સ્વતંત્ર લેખન પ્રત્યેની પકડ મજબૂત થઈ. લખાણોમાં લયબદ્ધતા સંસ્કૃતને કારણે આવી એમ તેઓ માનતાં. આ દરેક વિષયોમાં ઊંડી રસ-રુચિ માટેનો શ્રેય તેમણે પોતાનાં શિક્ષકોને આપ્યો છે.

## ૧.3 રસ-રુચિ

સામાન્ય વ્યક્તિઓથી તદ્દન જુદું વ્યક્તિત્વ ધરાવનાર કુન્દનિકા કાપડીઆનો પ્રથમ પ્રેમ પ્રકૃતિ રહ્યો છે. ઈશ્વરની સર્જનકલાને તેમણે મન ભરીને માણી છે. ઈશ્વરે રચેલાં પ્રાકૃતિક સૌંદર્યની રચના, તેનાં આકાર અને તેમાં સમાયેલાં વિભિન્ન રંગોના વૈવિધ્યનું એમને સૌથી વધુ આકર્ષણ રહ્યું. કુદરતની અપ્રતિમ કારીગરી પ્રત્યે અચરજની સાથે સાથે અનેરો રોમાંચ પણ થતો. મુંબઈ શહેરમાં વસવાટ સમયે ઉનાળાની રાત્રિએ મોડે સુધી જાગીને તારા, નક્ષત્રો અને નિહારિકાઓથી ભરેલાં વિશાળ અને ખુલ્લા આકાશને નિહાળવાનો ભરપૂર લહાવો તેમણે મન ભરીને માણ્યો છે.

'થોડીક વાતો' પુસ્તકમાં તે પોતાના પ્રકૃતિપ્રેમ વિશે લખે છે કે: "વૃક્ષો ને ફૂલો ને પાંદડાની મોહક જીવંત સૃષ્ટિ, એવી જ આકાશ, તારાઓ, નક્ષત્રો ને નિહારિકાઓની રમ્ય સૃષ્ટિ... તો પણ અંદર બેઠેલું કોઈક તત્ત્વ સદાય કહે: 'જીવન સુંદર છે!' અને બધી ઘટનાઓ, સંયોગો, અને આસપાસનાં સંબંધોમાંથી જીવનનો મર્મ પામવો, સમજવો, એ મારો ઊંડો રસ. વાચન પણ એ પ્રકારનું વિશેષ... કાવ્યો પણ એટલાં જ ગમે. સંગીત પણ અતિપ્રિય. માંદી હોઉં ને બહુ સારું કાવ્ય વાંચું કે બહુ સારું શાસ્ત્રીય સંગીત સાંભળું તો મને લાગે, જાણે હું સાજી થઈ ગઈ છું."[i]

જીવનની સાથે સાથે તેમણે ઈશ્વરીય બધાં જ પ્રાકૃતિક તત્ત્વો, સંગીત, વાંચન વગેરેને પોતાનાં પસંદગીનાં અને રસરુચિનાં સ્ત્રોત તરીકે સ્વીકાર્યાં છે. આ સઘળાં તત્ત્વોમાંથી મન ભરીને જીવનનો આનંદ માણ્યો છે.

## ૧.૪ યુવાવસ્થા

ગોધરામાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધા બાદ વડોદરા જવાનું થયું. ત્યાં એકાદ વર્ષ માટે તેઓ બરોડા કૉલેજમાં ભણ્યાં. તે સમયે સમાજમાં ઊંચ-નીચનાં ભેદભાવ ઘણાં. ઘરમાં કામ કરવા આવતા નીચી જાતિના નોકરના એકાદ છોકરાને તે ભણાવતાં. આ જોઈ તેમના કોઈ કુટુંબીજને તેમને કહ્યું કે "બહેન, તું આ છોકરાને ભણાવે છે એ સારું છે પણ તું તેને અડે એ સારું નહિ."[iii]

આ વાક્યે તેમને અંદરથી હચમચાવી નાંખ્યાં. મનમાં જાતિ ભેદભાવ વિશે અનેક પ્રશ્નો ઉદ્દભવ્યાં. પોતે સમાનતાના આગ્રહી હતા. તેઓ વિચારતા કે: 'મનુષ્ય મનુષ્ય વચ્ચે આવા ભેદભાવ શા માટે?' 'આ કામ સ્ત્રી જ કરે ને આ કામ પુરુષ જ કરે' એવા ભેદભાવ તેમણે જાતે પણ અનુભવ્યા હતા. આ જોઈ 'સ્ત્રી પુરુષ માટે આવી અસમાનતા કેમ?' એવા પ્રશ્નો એમનાં મનને મૂંઝવ્યા કરતા. જોયેલી અને અનુભવેલી નાની નાની ઘટનાઓને કારણે નાનપણથી જ સમાનતાનાં બીજ રોપાતાં ગયાં. સમય જતાં એ બીજ અંકુર પામીને ભીતરમાંથી બહાર નીકળવા માટે તલસી રહ્યું.

ગાંધીયુગને નજીકથી નિહાળવાથી તેમનાં મનમાં દેશપ્રેમની ભાવના જાગ્રત થઈ. સ્વતંત્રતાના સમયગાળામાં સમાજમાં જાગૃતિ માટે પ્રભાત ફેરીઓ કરવી, પિકેટિંગ કરવું, વિવિધ પત્રિકાઓ વહેંચવી, ખાદીનાં વસ્ત્રો ધારણ કરવાં, સ્વાતંત્ર્ય લડતમાં જોડાવું જેવાં કાર્યો કરીને દેશની આઝાદીમાં સહભાગી બન્યાં. એ માટે એક વર્ષનાં અભ્યાસનું બલિદાન પણ આપ્યું. ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી તેમણે ૧૯૪૮માં રાજકારણ અને ઇતિહાસ સાથે બી.એ.ની પદવી મેળવી. મુંબઈ શહેરનાં ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સૉશ્યલ સાયન્સીસમાં ભણવાની એમની પહેલેથી ઇચ્છા એટલે બહેનપણી સાથે મુંબઈ આવ્યાં. કોઈક કારણોસર એ સંસ્થામાં પ્રવેશ મળ્યો નહિ. આ રીતે મુંબઈ શહેર સાથે સંબંધ

બંધાયો. મુંબઈ સ્કૂલ ઓફ ઇકોનૉમિકસમાંથી 'ઍન્ટાયર પૉલિટિક્સ' સાથે એમ.એ.ની પદવી મેળવી. ઈ.સ. ૧૯૪૯-૫૦નાં સમયગાળામાં ત્યાં જે. કૃષ્ણમૂર્તિ સાથે પરિચયમાં આવ્યાં. એમનાં વિચારોને જીવનમાં મૂર્તિમંત કર્યાં.

## ૧.૫ સાહિત્યલેખનમાં પગરણ

ઈ.સ. ૧૯૫૧નાં અરસામાં તે મુંબઈમાં રહેતાં. એ સમયે ઘણીવાર તેમનાં માસીના દિકરી લાભુબહેન અને બનેવી મોહનલાલ મહેતાને મળવાનું થતું. મોહનલાલને તે 'સોપાન' કહીને સંબોધતાં. તે પણ થોડુંઘણું સાહિત્યલેખન કરતાં. તત્કાલીન સમયમાં સાહિત્યલેખન પ્રત્યે લોકોને વધુ આકર્ષણ રહ્યું હતું. એ જ અરસામાં મુંબઈના વિખ્યાત દૈનિકપત્ર 'જન્મભૂમિ' દ્વારા એક વિશ્વ વાર્તાસ્પર્ધા યોજાઈ. તેમાં દરેક દેશમાં, વિવિધ ભાષાઓમાં વાર્તા લખીને મોકલાવવાની હતી. બનેવીની પ્રેરણાથી તેમણે પણ 'પ્રેમનાં આંસુ' નામે વાર્તા લખી. વાર્તા મોકલવાના છેલ્લા દિવસે અને છેલ્લા કલાકોમાં તે પ્રકાશન માટે મોકલાવાઈ. તેમાં ઈશ્વર પેટલીકરની 'લોહીની સગાઈ' વાર્તાને પ્રથમ અને એમની વાર્તાને બીજું ઈનામ પ્રાપ્ત થયું. આ ઘટના તેમની લેખનની શ્રેષ્ઠતાને દર્શાવે છે. આ રીતે લેખનની સૃષ્ટિમાં અનાયાસે જ તેમણે પ્રવેશ કર્યો.

મુંબઈમાં એકલા જ રહેવાનું થવાથી આર્થિક ઉપાર્જન મેળવવા માટે થોડું થોડું લખવાનું શરૂ કર્યું. એ રીતે લેખનકાર્યની શરૂઆત થઈ. ત્યારબાદ વિવિધ સામયિકોમાં લેખ લખવાની સાથે સાથે સંપાદનની પ્રવૃત્તિ પણ ચાલુ થઈ. તેઓ ઈ.સ. ૧૯૫૫ થી ઈ.સ. ૧૯૫૭ સુધી 'યાત્રિક' અને ઈ.સ. ૧૯૬૨ થી ઈ.સ. ૧૯૮૦ સુધી 'નવનીત'નાં સંપાદક પણ રહી ચૂક્યાં છે. ઈ.સ. ૧૯૭૦ ને ઈ.સ. ૧૯૮૦ના દાયકામાં તેમણે હરીન્દ્ર દવેનાં આમંત્રણને માન આપીને મુંબઈનાં 'જન્મભૂમિ' દૈનિકમાં લેખો લખ્યાં. 'નદી નદીનાં વહેણ' અને 'ગમતાંનો કરીએ ગુલાલ' આ શીર્ષક હેઠળ તેમનાં લેખો દર બુધવારે પ્રગટ થતાં. 'અખંડ આનંદ' સામયિકમાં પણ તેઓ નિયમિત લખતાં. એ સમયનાં લેખનમાં 'સ્ત્રી-પુરુષ સમાનતાનું વિષયરૂપી બીજ તેમની કલમ વડે પોષાયું અને અંકુરિત થવા માંડ્યું. સમય જતાં પાછળથી

લખાયેલું તેમનું સાહિત્ય અધ્યાત્મને રંગે રંગાયેલું જોવા મળે છે. આમ, જીવનનાં અંત સુધી તેમણે ગુજરાતી સાહિત્યની સેવા કરેલી જોવા મળે છે.

સાહિત્યસર્જન માટે પ્રેરણા આપનાર લેખકોમાં તે ધૂમકેતુ, શરદબાબુ, ટાગોર, શેક્સપિયર, ઈબ્સન, જે.કૃષ્ણમૂર્તિ, ગાંધીજી, એમિયલ, ઉશ્બેન્સકીને બિરદાવે છે. આ કારણે તેમની સર્જનકલામાં પણ આ સાહિત્યકારોની શૈલીનું તેમજ તેમનાં વિચારોનું પ્રતિબિંબ પડતું જોવા મળે છે.

## ૧.૬ વ્યક્તિત્વ

અધ્યાત્મિક સાહિત્ય આપનાર સુપ્રસિદ્ધ કવિશ્રી મકરંદ દવે એમનાં જીવનસાથી રહ્યા. મકરંદ દવે એટલે સાદગી, સંયમ અને અધ્યાત્મને વરેલું એક વ્યક્તિત્વ. એમની સાથે રહેવાથી કુન્દનિકા કાપડીઆનો પણ સાદાઈ અને અધ્યાત્મ તરફ ઝૂકાવ વધ્યો. જીવનમાં અજાણતાં જ બનેલી ઘટનાઓ પાછળ કોઈ દૈવશક્તિ જ રહેલી છે અને જે થાય છે તે સારા માટે જ થાય છે એમ તે દૃઢપણે માનતાં. આમ, તે દૈવતત્ત્વમાં પણ માનનારાં વ્યક્તિ હતાં. 'ગાંધીજીની આત્મકથા' અને 'ભગવદ્ ગીતા' એમનાં પ્રિય પુસ્તકો રહ્યાં છે. તેઓ હંમેશા પોતાના પર્સમાં ગીતાનું એક નાનકડું પુસ્તક રાખતાં. એમની આ ટેવ પવિત્ર ગ્રંથ ગીતા પ્રત્યેનો અત્યંત લગાવ દર્શાવે છે. ક્યારેક કોઈક વખતે સંજોગોનુસાર રાત્રે ઊંઘ ન આવે તો ગીતાનું વાંચન કરવું એમને ગમતું. માનવતાવાદી વિચારસરણી ધરાવતા હોવાથી તે ગીતામાં આવતી અમુક જ્ઞાતિવાદની બાબતો બાદ કરીને વાંચન કરતાં. જ્ઞાતિવાદ, જાતિવાદ, ધર્મ, વર્ણ એ બધાનાં તેઓ વિરોધી હતાં. મનુષ્યને કેવળ મનુષ્ય તરીકે જોવાની તેમની દૃષ્ટિ રહી હતી.

ધર્મ અને ભગવાનને લઈને લોકોમાં ચાલતા દંભ, વ્યભિચાર, અને કુરિવાજોની પણ તેઓ ટીકા કરતાં. તેમણે સમગ્ર સૃષ્ટિમાં એક જ પરમાત્માને કલ્પ્યા છે. જૈન કુટુંબમાં જન્મ થયો હોવાં છતાંય પોતાની કોઈ જ જ્ઞાતિ નથી તેવું જણાવનાર કુન્દનિકા કાપડીઆ ખરેખર એક ઉમદાચરિત, વિશિષ્ટ અને અનેરા વ્યક્તિત્વની છાપ છોડી જાય છે. સમાજમાં ઘર કરી ગયેલી જ્ઞાતિ–જાતિ પ્રથા અને માન્યતાઓ એમને મનુષ્ય મનુષ્ય વચ્ચે ભેદભાવ વધારનારી લાગતી. તેઓ વ્યક્તિનાં નામ આગળથી અટક જ

કાઢી નાંખવાના આગ્રહી હતાં. 'ઝરૂખે દીવા' પુસ્તકની પ્રસ્તાવનામાં એમણે નોંધ્યું છે કે: "આપણી મોટાભાગની અટકો જ્ઞાતિસૂચક હોય છે, તેથી અટક પડતી મૂકીને આપણાં નામ જુદી રીતે લખાવા જોઈએ એવો મારો મત છે. વળી, નામમાં માતાનું નામ પણ જોડાયેલું હોવું જ જોઈએ... ખરેખર તો, માતા ને પિતાનાં નામને સાંકળીને મારું નામ ર. ન. ઈશા – કુન્દનિકા કરવાનું મને ગમે. પોતાનાં નામ સાથે માનું નામ સાંકળવાની પ્રથા કોઈક દિવસ શરુ થશે અને જેના હિસ્સે કામ આવ્યું છે તેને નામનું ગૌરવ પણ મળશે એવી આશા છે."[iii]

આમ, કુન્દનિકા કાપડીઆનાં ઉચ્ચ વિચારોની ઝલક અહીં જોઈ શકાય છે. 'અન્ય જરૂરિયાતમંદોની સેવા એ જ આપણો મનુષ્યધર્મ હોવો જોઈએ' એમ તેમનું સ્પષ્ટ માનવું હતું. આમ, તેઓ સેવાપરાયણતાના આગ્રહી રહ્યાં. એમના મતે વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવું, આર્થિક પ્રગતિ કરવી, ઍવોર્ડ મેળવવા, દેખાવડો કરવો એ જીવન નથી પણ, સંબંધોમાં, વિચારોમાં, ઘટનાઓમાં, અનુભવોમાં, અધ્યાત્મ અને સંતોષમાં એકાકાર બનીને જીવવું તે જીવન છે. સમગ્ર વિશ્વમાં એકત્વનું નિર્માણ થાય, મનુષ્ય-મનુષ્ય વચ્ચે સમાનતા અને પરસ્પર ભાઈચારો સ્થપાય એ જ એમની પ્રાર્થના હતી. આમ, તેમણે સમગ્રતામાં સમાનતા અને સમભાવને ઝંખ્યા હતા. આવી ભાવના મનુષ્યમાં જાગૃત કરવા માટે તેમનાં સાહિત્યસર્જનમાં પણ આ બધા જ વિચારોનું આલેખન જોવા મળે છે. કોઈપણ જાતના ભેદભાવથી મુક્ત એક નવા વિશ્વની કલ્પના કરનાર કુન્દનિકા કાપડીઆ કદાચ ગુજરાતનાં પહેલાં સ્ત્રી સાહિત્યકાર હતાં.

## ૧.૭ લગ્નજીવન

'નવનીત' સામયિકના સંપાદન સમયે ઘણાં લેખકો સાથે એમનો પરિચય થયો. એમાં કવિશ્રી મકરંદ દવે પણ ખરાં. અલગારી કવિશ્રી મકરંદ દવે અને કુન્દનિકાબહેનના વિચારો મહદંશે સરખા હોવાથી ધીમે ધીમે તેમની વચ્ચે પરિચય પાંગરતો ગયો. ૧૯૬૫નાં સમયગાળામાં આ પરિચય વધુ ગાઢ બન્યો. તારીખ-૩૦-૦૪-૧૯૬૮નાં અખાત્રીજનાં પવિત્ર દિવસે બંને એકલપ્રવાસી યાત્રીઓ લગ્નગ્રંથિથી જોડાઈને એકબીજાનાં જીવનસાથી બન્યાં. તેમનાં 'કલ્યાણમિત્ર' કવિ મકરંદ બન્યાં.

લગ્નજીવનનો સમયગાળો આ બંને સર્જકોની સાહિત્યકલાને ખીલવાનો તબક્કો ગણી શકાય. તેઓ જે પણ કાંઈ સાહિત્યસર્જન કરતાં તે એકબીજાને સંભળાવતાં. એકબીજાનાં લખેલાં કાવ્યો અને વાર્તાઓ એકબીજાને જ વંચાવતાં. આ બંને સાહિત્યકાર પોતે જ એકબીજાનાં શ્રોતા અને વિવેચક રહ્યાં હતાં. આમ, ધીમે ધીમે સાહિત્ય પ્રત્યેની દૃષ્ટિ અને સમજણનો વિકાસ થયો.

## ૧.૮ સ્વપ્નલોક 'નંદિગ્રામ'

બધાં કરતાં કંઈક વિશેષ કે અલગ કરવાનો કુન્દનિકા કાપડીઆનો સ્વભાવ પહેલેથી જ રહ્યો હતો. તેમના અને કવિ મકરંદ બંનેમાં પહેલેથી જ સેવાનો ગુણ હોવાથી જીવનમાં કંઈક અલગ કરવાનો વિચાર આવ્યો. તેમણે વિચાર્યું કે એક એવી 'નવતર જીવનશૈલી' અપનાવવી કે જેનાથી જરૂરિયાતમંદોની સેવા કરી શકાય. આવા વિચારોને અનુસરનારાં થોડા મિત્રો ભેગાં મળ્યાં. ગરીબ લોકોની સેવાકાજે મુંબઈ શહેર છોડીને ગરીબોની વચ્ચે રહેવાનો નિશ્ચય કર્યો. ગાંધીયુગના પ્રભાવને કારણે પણ ગામડામાં જઈને રહેવાનો મનસૂબો ઘડાયો. તે માટે ઘણાં સંઘર્ષો કર્યા પછી વલસાડ જીલ્લાના વાંકલ ગામે ઈ.સ. ૧૯૮૫માં 'નંદિગ્રામ' સેવાસંસ્થાનની સ્થાપના થઈ. જેના પાયામાં સ્વચ્છ નિરામય જીવનશૈલી, અધ્યાત્મ અને ગરીબોની સેવાની જવાબદારી મુખ્ય હતી.

માનવસેવાના હેતુથી પ્રેરાઈને આ બંને સાહિત્યકારોએ તેમનાં મિત્રવર્તુળ સાથે મહાનગરી મુંબઈની ઝાકઝમાળને અલવિદા કરી. 'નંદિગ્રામ'માં જ સ્થાયી થઈ જીવનભર 'સાધના અને સેવા'ની નેમ સાથે ગ્રામસેવાની પ્રવૃત્તિઓ આદરી. માનવસેવાના આ યજ્ઞ માટે તેમને ઘણાં સંઘર્ષોનો સામનો કરવો પડ્યો. એ સમયે તેમનાં આ કાર્ય વિરુદ્ધ ત્યાંનાં ગામલોકોનો વિરોધ પણ તેમને સહન કરવો પડ્યો હતો. સમય જતાં લોકોને એમનાં પર વિશ્વાસ બેઠો. ધીમે ધીમે 'નંદિગ્રામ' થકી ગરીબ આદિવાસીઓની સેવાની શરૂઆત થઈ. એક સામાન્ય છાશ વિતરણ જેવી સેવાથી આરંભીને આજે તો ત્યાનાં ગરીબ આદિવાસીઓ માટે મામૂલી દરે શિક્ષણ, આરોગ્યતપાસ, અનાજવિતરણ, ગ્રામવિકાસ જેવાં સહાયનાં કાર્યો કરવામાં આવે છે. અહીંની બધી જ પ્રવૃત્તિઓ લોકકલ્યાણને ધ્યાનમાં રાખીને થાય છે. ગ્રામવિકાસ માટે 'નંદિગ્રામ'ની આસપાસનાં ગામડાંઓને આવરી લેવામાં આવ્યા છે. એક સમયે જે ભૂમિ ઉપર માત્ર

ને માત્ર થોડાં સૂકાં ઘાસનાં તરણાં અને મોટી તિરાડો સિવાય કશું જ નહોતું તે આજે 'નંદિગ્રામ' સ્વરૂપે 'નંદનવન' અને 'તપોવન' ભૂમિ બની છે.

બંને સાહિત્યકારોના સહિયારા પ્રયત્નોથી ચોમેર લીલાંછમ વૃક્ષોની હરિયાળીથી ભરપૂર એવું 'નંદિગ્રામ' એક સુંદર રળિયામણું પ્રાર્થના, ઉપાસના, અને સેવાનું કેન્દ્ર બન્યું. અહીં કાર્યકર્તાઓનાં નિવાસ ઉપરાંત થોડાંક મહેમાન ઘર પણ છે. જ્યાં સાધના ઇચ્છુક વ્યક્તિ થોડાં દિવસ રહી પણ શકે છે. 'નંદિગ્રામ' એ મનુષ્યના શારીરિક, માનસિક અને અધ્યાત્મિક વિકાસ માટેનું એક ઉત્તમ સ્થળ છે. અધ્યાત્મિક સાધના માટે અહીં એકાંતવાસ, ધ્યાન, ચિંતન, ઉપાસના માટેનાં શાંત સ્થળો છે. અહીં રહીને જ કવિ મકરંદ આધ્યાત્મિક દૈવતત્ત્વને પામ્યા હતા. અહીંના મુક્ત અને શાંત વાતાવરણે જ કવિ મકરંદ દવે અને કુન્દનિકા કાપડીઆની લેખનપ્રવૃત્તિને પોષી છે. તેમની કલમે સર્જાયેલી ખ્યાતનામ કૃતિઓ આપણને સાંપડી છે.

ઈ.સ ૧૯૮૫માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર તેમની નવલકથા 'સાત પગલાં આકાશમાં' માટે મળ્યો. આ નવલકથાએ પુરુષપ્રધાન સમાજમાં ઘણો વિરોધ વંટોળ ઊભો કર્યો હતો. તેઓ નારીવાદ કે અન્ય કોઈ વાદમાં માનતાં નહોતાં. માત્ર ભારતીય સમાજમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે જે ભેદ પાડવામાં આવે છે એના તે સખત વિરોધી હતા. 'સાત પગલાં આકાશમાં' નવલકથાનો લખવાનો તેમનો ઉદ્દેશ્ય માત્ર એટલો જ હતો કે સમાજમાં સ્ત્રીને મોભાનું સ્થાન મળે. તેને વિકસવા અને વિસ્તરવા માટે પૂરતું વાતાવરણ મળે. તે પુરૂષ સમોવડી બને અને કોઈના બંધન વિના મુક્ત રીતે જીવી શકે. તેમણે જોયું કે ગામડાઓમાં સ્ત્રીઓની સ્થિતિ વધુ દયનીય હતી. કવિશ્રી મકરંદ સાથે નંદિગ્રામમાં જ રહીને ગરીબોની અને સ્રીઓની સેવા કરવામાં જીવનભર તેઓ કાર્યરત રહ્યાં હતાં. સતત ને સતત સેવાવૃત્તિ કાર્યોમાં જીવનનાં અંત સુધી નંદિગ્રામ ખાતે તેઓ પ્રવૃત્ત રહ્યાં. અત્યારે ભલે તેમની હયાતી નથી છતાંય એમનાં સેવાભાવી કાર્યોની મહેંક 'નંદિગ્રામ સેવા ટ્રસ્ટ' સ્વરૂપે વર્તમાન સમયમાં પણ પ્રસરી રહી છે.

## ૧.૯ સાહિત્યસર્જન

કુન્દનિકા કાપડીઆ એક એવું વ્યક્તિત્વ હતાં કે જે જીવનને જીવવામાં માનતાં હતાં. સાહિત્યલેખન તેમના માટે ગૌણ રહ્યું હતું. 'અગનપિપાસા'ની પ્રસ્તાવનામાં એમણે નોંધ્યું છે કે: "લખવું - એ હંમેશા મને બીજી કોટિની – સેકન્ડરી – વસ્તુ લાગી છે. પહેલી કોટિની વસ્તુ છે: જીવવું. અનુભૂતિ તે મુખ્ય વસ્તુ છે, આલેખન પછી આવે છે. મર્મ તે મુખ્ય વસ્તુ છે, આકાર પછીની વાત છે; સંગીત તે મુખ્ય વસ્તુ છે, વાયોલિન પછીની વાત છે."[iv]

જીવનમાં જે જોયું એ એમની કલમે કંડારાયું છે. સ્વાતંત્ર્યોત્તર સમયગાળામાં સ્ત્રીઓને જાગૃત કરવાના હેતુસર તેમણે સાહિત્યમાં નારીચેતના વિષયક લેખન કરેલું જણાય છે. ત્યારબાદ કવિશ્રી મકરંદની જીવનસંગિની બનતાં અધ્યાત્મનો સ્પર્શ થયો. જેના કારણે ત્યાર પછીનાં તેમનાં લેખનસાહિત્યમાં અધ્યાત્મની અસર જોવા મળે છે. કુન્દનિકા કાપડીઆની સર્જક કલમે નવલકથાઓ, વાર્તાસંગ્રહો, લેખસંગ્રહો, નિબંધ, અનુવાદ, સંકલન, સંપાદન જેવાં સાહિત્યપ્રકારોનું સર્જન થયેલું જોવા મળે છે. તેમણે ગુજરાતી સાહિત્યને આપેલી સાહિત્ય રચનાઓ આ મુજબ છે.

## (ક) વાર્તાસંગ્રહો

એમનાં સર્જન સાહિત્યમાં પાંચ વાર્તાસંગ્રહો સ્થાન પામ્યાં છે. જેમાં 'પ્રેમનાં આંસુ' (૧૯૫૪), 'વધુ ને વધુ સુંદર' (૧૯૬૭), 'કાગળની હોડી' (૧૯૭૮), 'જવા દઈશું તમને' (૧૯૮૩), 'મનુષ્ય થવું' (૧૯૯૦)નો સમાવેશ થાય છે.

એમની વાર્તાઓમાં માનવજીવનની સાથે પ્રકૃતિવર્ણન, તત્ત્વજ્ઞાન, સંગીત જેવા વિષયોને પણ વણી લેવામાં આવ્યા છે. તેમનાં કથાપાત્રોનો પ્રકૃતિ અને સંગીત પ્રત્યે પ્રેમ અને લગાવ જોવા મળે છે. સાથે સાથે કેટલાંક પાત્રો તત્ત્વજ્ઞાનની સમજ પણ ધરાવતાં જોવા મળે છે. અધ્યાત્મ, સંયમ, સંતોષ, સાદગી, જીવ પ્રત્યે દયાભાવ, પ્રેમ, લાગણી જેવાં મૂલ્યો એમની વાર્તાઓમાં જોવા મળે છે.

સ્ત્રીની ઇચ્છાઓ, મહત્વાકાંક્ષાઓ અને એના અસંતોષને કારણે ઊભી થતી સમસ્યાઓનું નિરૂપણ અહીં જોવા મળે છે. જે એમની વાર્તાઓની ધ્યાનાકર્ષક બાબત બની રહે છે. આ સમસ્યાઓનાં

આલેખનમાં સ્ત્રીનો સ્વ સાથેનો, પુરુષ સાથેનો, સ્ત્રી સાથેનો, સમાજ સાથે અને અન્ય પરિસ્થિતિ સાથેનો સંઘર્ષ દૃશ્યમાન થાય છે. આ સમસ્યાઓને કારણે એમનાં સ્ત્રીપાત્રોમાં ઉદ્દભવતી નકારાત્મક ભાવનાઓનું આલેખન અહીં જોવા મળે છે. જેના કારણે અનુભવાતા સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું એક નૂતન સ્વરૂપ અહીં જોવા મળે છે. આ સમસ્યાઓમાંથી પસાર થતાં એમનાં સ્ત્રીપાત્રો મહદંશે એક ચોક્કસ સમાધાન તરફ ગતિ કરે છે. આમ, એમની વાર્તાઓમાં સ્ત્રીવિષયક સમસ્યાઓનાં નિરાકરણ પણ જોવા મળે છે. જીવનનાં પ્રશ્નો અને એનાં નિરાકરણો દ્વારા એમની વાર્તાઓમાં જીવનને વધુ ને વધુ સુંદર બનાવવાનો માર્ગ આલેખાયેલો જોવા મળે છે.

## (ખ) નવલકથા સાહિત્ય

એમનાં સર્જનમાં નવલકથાઓનું પણ આગવું સ્થાન રહ્યું છે. 'પરોઢ થતાં પહેલા' (૧૯૬૮), 'અગનપિપાસા' (૧૯૭૨), 'સાત પગલાં આકાશમાં' (૧૯૮૪) જેવી નવલકથાઓ એમની કલમે આકાર પામી છે.

વાર્તાસંગ્રહોની જેમ તેમની નવલકથાઓમાં પણ જીવનની સમસ્યાઓ અને સંઘર્ષનું નિરૂપણ જોવા મળે છે. 'પરોઢ થતાં પહેલાં' નવલકથામાં સુનંદા એનાં જીવનમાં પ્રેમના ઉજાશ માટે તલસે છે. અંતમાં એનો ભૂતકાળ અને વર્તમાન સાથે જ ઉપસ્થિત થાય છે. આ સ્થિતિમાં તેને શું કરવું તે સમજાતું નથી. તેનાં જીવનમાં ખરેખર પરોઢનો ઉજાસ થયો કે નહિ તે અંત સુધી એક પ્રશ્ન જ બની રહે છે.

'અગનપિપાસા' નવલકથામાં આપણને બુદ્ધિ કરતાં હૃદય પરની આસ્થા પ્રગટતી જોવા મળે છે. અહીં પણ તેમની જીવન પ્રત્યેની આગવી દૃષ્ટિ જોવા મળે છે.

'સાત પગલાં આકાશમાં' એમની પ્રસિદ્ધ નવલકથા છે. અહીં પુરુષપ્રધાન સમાજની સ્ત્રી વિરોધી ધારાઓ સામે સ્ત્રીનો રોષ છે. બંધનાવસ્થાને કારણે સ્ત્રીને અનુભવાતાં સંઘર્ષનું અહીં આલેખન છે. એમની આ નવલકથા તત્કાલીન સમયમાં ભારે ચર્ચાનો વિષય બની હતી. તેને દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી ઍવોર્ડ આપીને સન્માનિત કરાઈ હતી.

## (ગ) લેખસંગ્રહ

તેમની પાસેથી 'દ્વાર અને દીવાલ' (૧૯૫૮) અને 'ચંદ્ર તારા વૃક્ષ વાદળ' (૧૯૮૮) નામનાં બે લેખ સંગ્રહ મળે છે.

એમનો પ્રથમ લેખસંગ્રહ છે 'દ્વાર અને દીવાલ'. સાહિત્યલેખનની શરૂઆતમાં એમણે 'અખંડ આનંદ'ના 'ગૃહ ગંગાને તીરે' નામના વિભાગમાં પોતાનાં લેખો આપ્યાં હતાં. સાથે સાથે 'ગૃહ માધુરી' અને 'જન્મભૂમિ' જેવાં સામયિકોમાં પ્રગટ થયેલાં લેખોનો પણ 'દ્વાર અને દીવાલ' પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જીવનને વધુ ને વધુ સુંદર કઈ રીતે બનાવી શકાય એના વિશેનું માર્ગદર્શન આપતી કથાઓને અહીં સંગ્રહિત કરવામાં આવી છે.

'ચંદ્ર તારા વૃક્ષ વાદળ' લેખસંગ્રહમાં તેમનો પ્રકૃતિનો પ્રત્યેનો પ્રેમ જોવા મળે છે. એમાં રહેલ વિવિધ તત્ત્વોની રહસ્યમય અને અલૌકિક બાબતોનું અવલોકન અને અનુભૂતિનું અહીં આલેખન છે. માનવી દ્વારા પ્રાકૃતિક તત્ત્વોને જે રીતે નુકસાન થઈ રહ્યું છે તે માટેની વ્યથા પણ અહીં પ્રગટ થઈ છે. પ્રકૃતિ છે તો જ જીવન છે. આધુનિકતાનો મોહ ત્યજી મનુષ્યે ફરીથી પ્રકૃતિને જ સ્વીકારવી જોઈએ એવો તેમનો અભિપ્રાય છે. અહીં આલેખાયેલાં પ્રકૃતિવર્ણનમાં એમની સર્જનકળાના દર્શન થાય છે.

## (ઘ) લઘુનિબંધ

'થોડીક વાતો' (૨૦૧૪) એ તેમનો લઘુનિબંધ છે. મુંબઈનાં 'જન્મભૂમિ' દૈનિકમાં એમનાં જે લેખો છપાયાં હતાં એમાંથી કેટલાંક ચૂંટાયેલાં લેખોને 'થોડીક વાતો' લઘુ નિબંધમાં મૂકવામાં આવ્યાં છે. એમનાં રસ-રુચિની, પ્રેમની અને માનુષી પ્રેમની વાતોનો ઉલ્લેખ અહીં કરવામાં આવ્યો છે.

## (ચ) સંપાદન અને સંકલન

કુન્દનિકા કાપડીઆએ સંપાદન અને સંકલનનું પણ કાર્ય કર્યું છે. જેમાં 'પરમ સમીપે' (પ્રાર્થના સંકલન, ૧૯૮૨), 'ઝરૂખે દીવા' (સંકલન, ૨૦૦૧), 'અંત વેળાએ' (સંકલન, ૨૦૦૭),

'અવિસ્મરણીય' ભાગ ૧ થી ૭ (સંકલન, ૨૦૧૨), 'આક્રંદ અને આક્રોશ' (બકુલા ઘાસવાલા સાથે સહ સંપાદન, ૧૯૯૩), 'ગુલાલ અને ગુંજાર' (સંપાદન, ૧૯૯૭)નો સમાવેશ થાય છે.

'પરમ સમીપે' એમનો સુપ્રસિદ્ધ પ્રાર્થનાસંગ્રહ છે. આ પુસ્તકમાં એમણે વિશ્વનાં મહાન સંતો, કવિઓ, ભક્તો રચિત અને કેટલીક પોતાની રચેલી પ્રાર્થનાઓનું સંકલન કર્યું છે. આ પ્રાર્થનાઓની વિશેષતા એ છે કે એમાંની મહત્તમ પ્રાર્થનાઓ આપણને ગદ્યાત્મકશૈલી સ્વરૂપે જોવા મળે છે. આ પ્રાર્થનાઓમાં ભક્તનો ભગવાન સાથેનો સંવાદ છે. જીવન નાશવંત છે એ સત્ય છે પરંતુ, તેને કેવી રીતે સુંદર અને ઉપયોગી બનાવી શકાય એની સમજ અહીં નિરૂપિત પ્રાર્થનાઓમાંથી મળી રહે છે.

શ્રી મહેન્દ્ર મેઘાણીએ ગુજરાતી પ્રજા માટે જે સત્ત્વશીલ સાહિત્યનો પ્રસાર કર્યો એમાંથી મળેલી પ્રેરણાનું સ્વરૂપ એટલે 'ઝરૂખે દીવા'. આનંદ અને ચિંતનનાં અજવાળાં વેરતાં વિચારતત્ત્વોનો સંગ્રહ એટલેઃ 'ઝરૂખે દીવા'. જીવનમાં અજવાળું પાથરતાં, એક નિશ્ચિત દિશા બતાવતાં વિવિધ સંતમહાત્માઓનાં પુસ્તકોનાં વિચારતત્ત્વોને અહીં સંગ્રહિત કરાયા છે.

'અંત વેળાએ' એ કુન્દનિકા કાપડીઆનું મૃત્યુવિષયક વિચારોને રજૂ કરતું પુસ્તક છે. જે જન્મ્યું છે એનું મૃત્યુ નિશ્ચિત છે. મૃત્યુ એ જીવનનું એક સત્ય છે. આ પુસ્તકમાં મૃત્યુ વિશેની સમજ આપવાનો લેખિકાનો પ્રયાસ છે. જેથી મૃત્યુની ઘટનાથી ભયભીત થયા વિના એનો સહજતાથી સ્વીકાર કરી શકાય.

'અવિસ્મરણીય-ભાગ ૧ થી ૭' એટલે નવનીત (ગુજરાતી ડાયજેસ્ટ)ની ઈ.સ. ૧૯૬૨ થી લઈને ઈ.સ.૧૯૮૦ સુધીની સફર સુધીમાં છપાયેલા વિવિધ ભાષાનાં લેખોનો સંગ્રહ. આ સંગ્રહોમાં જીવનકથા, સંસ્મરણો, સાહસ અને પ્રવાસ, પ્રકૃતિ, રાજકારણ, ઇતિહાસ, સંસ્કૃતિ, શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની વાતો જેવા વિષયોનું વૈવિધ્ય છે. નવનીતમાં જે અમૂલ્ય વાતો અને વિચારો રજૂ થતા હતા એને સાચવી રાખવાના હેતુસહ આ પુસ્તકોનું પ્રકાશન કરાયું છે.

'આનંદ અને આક્રોશ' પુસ્તકમાં એમણે 'સાત પગલાં આકાશમાં' નવલકથા સંદર્ભે મળેલા પત્રો અને પ્રતિભાવોનું બકુલા ઘાસવાલા સાથે સહસંપાદન કર્યું છે.

'ગુલાલ અને ગુંજાર' એ કવિશ્રી મકરંદ દવેનાં પંચોતેર વર્ષની પૂર્તિ નિમિત્તે એમને ગમતાં ૭૫ કાવ્યોનું ચયન છે. મકરંદ દવેની કલમે સર્જાયેલી અને એમને અતિપ્રિય રહેલી કાવ્યકૃતિઓનું આ સંપાદન પુસ્તક છે.

### (છ) અન્ય

કુન્દનિકા કાપડીઆ અધ્યાત્મિકવૃત્તિનાં હતાં. આ કારણે અધ્યાત્મને લગતું સાહિત્ય પણ એમની પાસેથી મળ્યું છે. જેમાં 'વિષ્ણુ સહસ્ત્રનામ' (૧૯૯૯) પુસ્તકનો સમાવેશ થાય છે. આ પુસ્તકમાં ભગવાન વિષ્ણુનાં વિવિધ નામો અને એના અર્થનો નિર્દેશ કરાયો છે.

## (જ) અનુવાદો

નવલકથા અને ટૂંકીવાર્તાઓની સાથે સાથે અનુવાદ ક્ષેત્રે પણ કુન્દનિકા કાપડીઆનું મહત્વનું પ્રદાન છે. તેમનાં અનુવાદિત પુસ્તકોમાં 'પુરુષાર્થને પગલે' (જીવન ચરિત્ર, ૧૯૬૧), 'દેવ બોલ્યા નહીં' (નવલકથા, ૧૯૬૧), 'વસંત આવશે' (આત્મકથનાત્મક નવલકથા, ૧૯૬૨), 'દિલભર મૈત્રી' (આત્મકથા, ૧૯૬૩), 'કિશોર ડિટેક્ટિવ' (બાળ નવલકથા, ૧૯૭૦), 'પૂર્ણ કુંભ' (પ્રવાસ વર્ણન, ૧૯૭૭), 'જીવન એક ખેલ' (સંક્ષિપ્ત અનુવાદ, ૧૯૮૧), 'હિમાલયના સિદ્ધયોગી' (જીવન ચરિત્ર) (૧૯૮૫), 'ઉઘડતા દ્વાર અંતરનાં' (અધ્યાત્મ, ૧૯૯૪)નો સમાવેશ થાય છે.

'પુરુષાર્થને પગલે' શીર્ષક હેઠળ નીના બ્રાઉન બેકર નામના લેખકના જીવનચરિત્ર 'નિકૅલસ ઍન્ડ ડાઈમ-વુલ વર્થ્સ સ્ટૉરી'નો તેમણે અનુવાદ કર્યો છે.

'દેવ બોલ્યા નહિ' નામની કૃતિને મિખાઈલ સોલોવીન નામના લેખકની આત્મકથાત્મક 'વ્હૅન ગૉડ આર સાઇલન્ટ' પરથી અનુવાદિત કરાઈ છે.

‘વસંત આવશે’ નામથી એમણે લૉરા ઇન્ગલ્સ – એલ. આઈ. વાઈલ્ડર નામના લેખિકાએ લખેલ ‘On the Plum Crick’ નામની આત્મકથાત્મક નવલકથાનો અનુવાદ પ્રગટ કર્યો છે.

મૅરી ઍલન ચૅઝ નામના લેખિકાના શૈશવનાં સંસ્મરણોનું આલેખન ‘દિલભર મૈત્રી’ નામના અનુવાદમાં જોવા મળે છે.

વૉન ઍરિશ કાસ્તનાર નામના લેખકની અંગ્રેજી (મૂળ જર્મન) ભાષામાં લખાયેલી બાળ નવલકથા ‘Emil UND Die Detektive’ નો ‘કિશોર ડીટૅક્ટીવ’ નામે અનુવાદ છે.

‘પૂર્ણ કુંભ’ એ બંગાળી લેખિકા રાણીચંદનાએ લખેલ પ્રવાસકથાનો અનુવાદ છે. એમાં એમણે પ્રાચીન બંગાળી સાહિત્યની તીર્થકથાઓનો અનુવાદ કર્યો છે. અહીં માનવજીવનનાં ગૂઢ રહસ્યોનું આલેખન છે.

‘જીવન એક ખેલ’ એ ફ્લૉરૅન્સ સ્કૉવૅલ શિનના ‘ધ ગેમ ઑફ લાઈફ ઍન્ડ હાઉ ટુ પ્લૅ ઈટ’નો તેમણે કરેલો સંક્ષિપ્ત અનુવાદ છે. અહીં લેખિકા જીવનને એક રમત સ્વરૂપે સ્વીકારે છે. જીવનમાં આવતી દુઃખ અને મુશ્કેલીઓની સ્થિતિને શ્રદ્ધા વડે આનંદમાં ફેરવી નાંખવાનો માર્ગ બતાવાયો છે. માનવજીવનની કપરી પળોમાંથી ઉગરવાનો ઉપાય અહીં જોવા મળે છે.

‘હિમાલયના સિદ્ધયોગી’ પુસ્તકમાં સિદ્ધયોગી વિશેની માહિતીનું આલેખન છે. અહીં એમના તત્ત્વજ્ઞાન સંદર્ભેના, વિજ્ઞાનને લગતા, આધ્યાત્મિક પ્રયોગોનું વર્ણન છે. આ પુસ્તકના અનુવાદ દ્વારા લેખિકા જણાવવા માંગે છે કે બાહ્ય જગતની ભીતર એક સૂક્ષ્મ જગત રહેલું છે. યોગ વડે આ વિરાટ જગતને પામી શકાય છે.

અધ્યાત્મ સંદર્ભે તેમણે એઇલીન કેડી નામના લેખકના અધ્યાત્મક પુસ્તક ‘Opening doors within’ નો ‘ઊઘડતાં દ્વાર અંતરનાં’ નામે અનુવાદ કર્યો છે.

આમ, કુન્દનિકા કાપડીઆનાં સર્જનવિશ્વમાં વિષય વૈવિધ્ય જોવા મળે છે. તેમ છતાંય તેમની સાહિત્યરચનાઓમાં મૂલતઃ સ્ત્રીઓના પ્રશ્નોની રજૂઆત ધ્યાનાકર્ષક બની રહે છે. સમાજમાં

સ્ત્રીઓનું સ્થાન ક્યાં? એ દિશામાં સૌનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો છે. તેમની રચનાઓમાં સ્ત્રીપાત્રોનો સંઘર્ષ, સ્ત્રીઓનાં મનોભાવો, તેમની વેદનાનો ચિતાર રજૂ  કરીને આપણા સમાજની વાસ્તવિકતાનું દર્શન કરાવ્યું છે. એક સ્ત્રી જયારે સ્ત્રી વિષયક સાહિત્ય લખે છે ત્યારે તેની દૃષ્ટિ જે જુએ છે, મન જે અનુભવે છે, અને હૃદયને જે સ્પર્શે છે તે જ સાહિત્યમાં આલેખે છે. તેથી એક સ્ત્રી તરીકે પણ કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં અનેક રૂપમાં સ્ત્રીસંવેદનાનું આલેખન જોવા મળે છે. તેમણે તત્કાલીન સમયનાં સમાજજીવનને પોતાની રચનાઓમાં નિરૂપ્યું છે. જેમાં સ્ત્રીજીવનની યાતના તથા કરુણતા જોવા મળે છે. ઘર સંભાળતી સ્ત્રીનું કાર્ય પુરુષ કરતાં ઊતરતું ન હોઈ શકે એમ તેઓ દર્શાવે છે.

તેમનાં સાહિત્યમાં નારીમુક્તિ, નારીઉન્નતિની વાતો તથા સ્ત્રીઆક્રોશ જોવા મળે છે. તેમણે પોતાની કૃતિઓમાં સ્ત્રીનો આગવો અવાજ, તેનું નોખું વ્યક્તિત્વ, તેમના ભાવનાત્મક સંઘર્ષને પ્રકટ કર્યો છે. તેમની નવલકથાઓ, ટૂંકીવાર્તાઓ જેવી સાહિત્યરચનાઓમાં વિવિધ સ્ત્રીપાત્રોને ઈર્ષ્યા, દયા, પ્રેમ, સમર્પણ, ક્રોધ જેવી ભાવનાઓના તાર સાથે ગૂંથીને ભાવનાત્મક સંઘર્ષનું સુંદર નિરૂપણ કર્યું છે. તેમનાં સ્ત્રીપાત્રો પોતાનાં મૃદુ સ્વભાવને આધીન થઈને જીવનમાં સંઘર્ષ અનુભવતાં દૃશ્યમાન થાય છે. ગમે તેવી કપરી સ્થિતિ સામે એમનાં પાત્રો લડે છે અને મહદંશે સફળતા મેળવે છે. એમનાં સર્જનમાંથી મનુષ્યને જીવન જીવવાની શીખ મળે છે. જીવનની સાત્વિકતા તરફ ગતિ કરતા એમનાં વિચારો પાત્રોને ઊર્ધ્વીકરણ તરફ જવા માટે પ્રેરે છે. જીવન જીવવાની સાચી રીત અને મૂલ્યો સમજાવતી એમની રચનાઓ ખરેખર અણમોલ છે. એમની સાહિત્ય રચનાઓ વડે સમાજને કંઈક ઉત્તમ આપવાની પ્રબળ ભાવના અહીં જોવા મળે છે.

## ૧.૧૦ સાહિત્યિક પુરસ્કારો

કુન્દનિકા કાપડીઆ દ્વારા સર્જન પામેલાં ઉત્તમ પુસ્તકોને વિવિધ પુરસ્કારો દ્વારા સન્માનિત કરાયાં છે. તેમને મળેલ સાહિત્યિક પુરસ્કારોમાં 'જવા દઈશું તમને' (વાર્તાસંગ્રહ, ૧૯૮૩-ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા), 'સાત પગલાં આકાશમાં' (નવલકથા, ૧૯૮૪-ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા), 'ચંદ્ર તારા વૃક્ષ વાદળ' (નિબંધ, ૧૯૮૮-ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા), 'સાત પગલાં આકાશમાં'

(નવલકથા, ૧૯૮૫-સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા), 'હિમાલયના સિદ્ધયોગી (અનુવાદ, ૧૯૮૪-ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા) 'પરોઢ થતાં પહેલાં' (નવલકથા, ૧૯૮૮-ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા)નો સમાવેશ થાય છે.

## ૧.૧૧ સાહિત્ય વિશેનાં તેમનાં ખ્યાલો

સાહિત્ય વિશે જણાવતાં તેમણે લખ્યું છે કે: "સાહિત્ય જીવન અને જીવનની અનુભૂતિઓથી અળગું કદી હોઈ શકે નહિ. 'કેવળ સાહિત્ય' અથવા 'સાહિત્યને ખાતર સાહિત્ય' પણ જીવનની જ ભોંયમાંથી ઊગે છે, અને ઇંદ્રિયગત અનુભવો જેટલું જ, ચેતનાના ગહનતમ સ્તરો પરની રહસ્યાત્મક અનુભૂતિનું જગત પ્રભાવકારી અને સત્યાત્મક છે, કદાચ તે વધુ સત્ય છે. આ સત્ય ભણીની યાત્રા તે અંગત રીતે મારા પોતાના જીવનની દિશા છે અને આ શોધયાત્રા દરમ્યાન થતી અનુભૂતિઓ વ્યક્તિગત, સામાજિક અને વૈશ્વિક ભૂમિકાએ વિસ્તરે છે. વાર્તા તો આ શોધની યાત્રામાં પાછળ રહેલાં પગલાં છે."[v]

## ૧.૧૨ અનંત યાત્રાની સફરે… 'પરમ સમીપે'

જે જન્મ્યું છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. આ સાર્થકતા મુજબ આ સરળ વ્યક્તિત્વએ તા-30-0૪-૨0૨0નાં રોજ આપણી વચ્ચેથી વિદાય લીધી. યોગાનુયોગ તેમની લગ્નતિથિનો એ દિવસ હતો. એથી કહી શકાય કે પૃથ્વી પર સદેહે સાથે રહ્યા બાદ ફરીથી દિવ્યઆત્મા સ્વરૂપે તે સ્વજન કલ્યાણમિત્ર મકરંદની '**પરમ સમીપે**' પહોંચ્યાં હતાં. પોતાની અંતિમક્રિયા વિશે પણ લખ્યું હોવાથી તેમની ઇચ્છા મુજબ ખૂબ જ જૂજ સ્વજનોની સાક્ષીમાં મકરંદ દવેની સમાધિ નજીક જ તેમનાં પાર્થિવ દેહને અગ્નિદાહ અપાયો. આમ, એમનો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન થયો. '**સાત પગલાં આકાશમાં**'ની અનંતની સફરે નીકળેલા '**હિમાલયનાં સિદ્ધયોગી**' સમાન આ વિભૂતિએ સાહિત્યરસિકોનાં હૃદયમાં '**અવિસ્મરણીય**' છાપ છોડી છે. આ દિવસે સાહિત્યજગતે ફરીથી એક ઉત્તમ અને મહામૂલું ઘરેણું ખોયું. પરંતુ એ વાત ચોક્કસ છે કે એમનાં મૂલ્યવાન સાહિત્ય સ્વરૂપે તે આપણી વચ્ચે સદાય માટે કાયમ રહેશે.

કુન્દનિકા કાપડીઆના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ આપતાં લેખિકા હિમાંશી શેલત લખે છે કે: “આ સજગ સન્નારીએ પોતાની પાસે પ્રકૃતિ અને સમાજને નીરખવાનો સમય સાચવ્યો, અભાવગ્રસ્ત અને ઉદાસ જીવનોમાં થોડો ઉજાસ, થોડો ઉલ્લાસ વહેંચ્યો, અને એમાંથી જે મુદામય પરિતોષ પ્રાપ્ત થયો એને શબ્દબદ્ધ કરવાની મથામણ કરી. જીવનરસથી છલકાતાં આવાં વ્યક્તિત્વો સ્મૃતિમાં ઝબૂકતાં રહેવાનાં, ‘નંદિગ્રામ’માં જોયેલાં અસંખ્ય આગિયાઓના સમૂહના તેજ-ઝબકાર જેવાં.”[vi]

લેખિકા વર્ષા અડાલજાએ લખ્યું છે કે: “એમનું જીવન અને સર્જન હંમેશા જીવનલક્ષી રહ્યાં. એમનું સાહિત્ય અને અને નંદિગ્રામે કેટકેટલાનાં જીવનને સ્પર્શ કર્યો! જંગલને મંગલ કરવા, ઝાડી ઝાંખરાં દૂર કરવા ખુદ કેવી કાંટાળી કેડીએ ચાલ્યા હશે! જેમ તસ્લીમા નસરીન કહે છે, ‘વી વોન્ટ ટુ ટેલ ધ અનટૉલ્ડ સ્ટૉરીઝ.’ એમણે કેટલી વણકહેવાયેલી વાતો કહી!”[vii]

નવનીત સમર્પણના સંપાદક દીપક દોશી તેમને અંજલિ આપતાં લખે છે કે: “એમનું માત્ર સર્જન જ નહીં પણ જીવન સુદ્ધાં સૌંદર્યોના ઉઘાડ તરફ સતત ગતિશીલ હતું. ‘નંદિગ્રામ’ની કાંટાળી ભૂમિમાંથી હાલનું નંદનવન સ્વરૂપ એની સાખ પૂરે છે. નાનામાં નાની અભિવ્યક્તિથી લઈને જીવન સમગ્રમાં એમણે પ્રેમ અને સૌંદર્યના રંગ પૂરીને એક વ્યાપક સર્જનકર્મ નિભાવ્યું છે. આ સૌંદર્યદ્રષ્ટિ પાછળ માત્ર એક અધ્યાત્મ અનુરાગી દ્રષ્ટિ નથી, એક આધુનિક સ્ત્રી માનસ પણ છે. એ રીતે ‘સાત પગલાં આકાશમાં’ની વસુધાથી લઈને એમનો વ્યાપ ‘પરમ સમીપે’ના ઈશા કુન્દનિકા સુધી ફેલાયેલો છે.”[viii]

કુન્દનિકા બહેનની અંગત વાત કરતા દીપક દોશી જણાવે છે કે: “પોતે જયારે ન હોય ત્યારે ‘નવનીત સમર્પણ’માં પોતાને શ્રદ્ધાંજલિ આપવા બાબત કુન્દનિકા બહેને તેમને એક ‘ખાનગી’ લખેલું કવર મોકલીને ફોન કર્યો હતો કે હું ન હોઉં ત્યારે ખોલજો અને પ્રગટ કરવા જેવું લાગે તો કરજો... આવો નાટ્યાત્મક અંત પણ એમને અભિપ્રેત હશે?”[ix]

જીવનને માણનાર અને પામનાર એવા કુન્દનિકા કાપડીઆની અણધારી વિદાયથી ગુજરાતી સાહિત્યજગત માટે એક ન પૂરાય એવી ખોટ રહી ગઈ છે. જીવનમાં કરેલાં સુકાર્યોની સુવાસ એમની સાહિત્યરચનાઓ અને નંદિગ્રામ સ્વરૂપે હંમેશા મઘમઘતી રહેશે.

---

[i] ‘થોડીક વાતો’, લેખિકા: કુન્દનિકા કાપડીઆ, પ્ર.આ.૨૦૧૪, પ્રસ્તાવના, પૃ. ૮

[ii] ‘સુરીલા સંવાદ’, લેખિકા: આરાધના ભટ્ટ, પ્ર. આ.૨૦૧૨, પૃ. ૫૭

[iii] ‘ઝરૂખે દીવા’, લેખિકા: કુન્દનિકા કાપડીઆ, પ્ર. આ.૨૦૦૧, પ્રસ્તાવના, પૃ. ૬

[iv] ‘અગનપિપાસા’, લેખિકા: કુન્દનિકા કાપડીઆ, પ્ર. આ.૧૯૭૨, પૃ. ૭

[v] ‘કુન્દનિકા કાપડીઆની શ્રેષ્ઠ વાર્તાઓ’, લેખિકા: કુન્દનિકા કાપડીઆ, પ્ર. આ.૧૯૮૭, પૃ. ૮

[vi] ‘પરબ’, અંક- એપ્રિલ-મે-૨૦૨૦, પૃ. ૭૨

[vii] ‘પરબ’, અંક- એપ્રિલ-મે-૨૦૨૦, પૃ. ૬૯

[viii] ‘નવનીત સમર્પણ’, અંક- મે-૨૦૨૦, પૃ. ૮૨

[ix] ‘નવનીત સમર્પણ’, અંક- મે-૨૦૨૦, પૃ. ૮૩